# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આતંકવાદને પ્રાદેશિક શાંતિ માટે સૌથી મોટું જોખમ ગણીને તેની વિરુદ્ધ સંયુક્ત વૈશ્વિક કાર્યવાહી કરવાની માંગ કરી
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે મોદી સરકાર ડ્રગ કાર્ટેલ્સ સામે કડક કાર્યવાહી કરી રહી છે.
3) ઓપરેશન સિંધુ હેઠળ ઈરાનમાંથી વધુ 272 ભારતીય નાગરિકો સલામત પરત
4) ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં અલકનંદા નદીમાં મિનિ બસ ખાબકતાં ત્રણ લોકોના મોત.
5) છત્તીસગઢમાં સલામતી દળો સાથેની અથડામણમાં બે મહિલા માઓવાદી ઠાર.

.........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY RAJNATH – SCO

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આતંકવાદ અને ઉગ્રવાદને પ્રાદેશિક શાંતિ માટે સૌથી મોટાં જોખમ ગણીને તેની  વિરુદ્ધ સંયુક્ત વૈશ્વિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

શાંઘાઇ સહકાર સંગઠન-SCOનાં સંરક્ષણ મંત્રીઓની બેઠકને સંબોધતા શ્રી સિંઘે જણાવ્યું કે, શાંતિ અને સમૃધ્ધિનું ત્રાસવાદ સાથે સહ અસ્તિત્વ ન હોઈ શકે. 26 નાગરિકોના જીવ લેનાર પહેલગામ આતંકી હૂમલાનો ઉલ્લેખ કરતા શ્રી સિંઘે જણાવ્યું કે, ભારતે ઓપરેશન સિંદુર દ્વારા સરહદ પારના માળખાનો નાશ કરવા સ્વરક્ષણનાં તેનાં અધિકારનો પ્રયોગ કર્યો.

સંરક્ષણ મંત્રીએ એસસીઓના સભ્ય દેશોને બેવડાં ધોરણો દૂર કરીને ત્રાસવાદના પ્રાયોજકોને જવાબદાર ઠેરવવા હાકલ કરી હતી. તેમણે જણાવ્યું કે, કેટલાંક દેશો નીતિનાં સાધન તરીકે સરહદ પારનાં ત્રાસવાદનો ઉપયોગ કરે છે અને ત્રાસવાદીઓને આશરો આપે છે.

વર્તમાન ભૂરાજકીય સ્થિતિમાં SCOની ભૂમિકા પર પ્રકાશ પાડતા સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, આ દેશો વૈશ્વિક જીડીપીમાં 30 ટકા અને વૈશ્વિક વસ્તીમાં 40 ટકા હિસ્સો ધરાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH DRGU ABUSE DAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે મોદી સરકાર ડ્રગ કાર્ટેલ્સ સામે કડક કાર્યવાહી કરી રહી છે અને તેનાથી પીડિત યુવાનોને સામાન્ય જીવનના માર્ગ પર પરત લાવી રહી છે.

આજે માદક દ્રવ્યોના દુરૂપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામેના આંતરરાષ્ટ્રીય દિવસના પ્રસંગે સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું હતું કે, યુવાનો માટે માદક દ્રવ્યો સૌથી મોટી સમસ્યા છે.

તેમણે માદક દ્રવ્યોથી મુક્ત ભારત માટેના સંઘર્ષમાં દેશના યોદ્ધાઓ અને ભાગીદારોને શુભેચ્છાઓ આપી હતી. તેમણે કહ્યું કે મોદી સરકાર આ સમસ્યા સામે દ્રઢ સંકલ્પ સાથે આગળ વધી રહી છે. શ્રી શાહે આશા વ્યક્ત કરી હતી કે, આ દિવસ માદક દ્રવ્યોની સમસ્યા સામે સરકારના સંકલ્પને વધુ મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## OPERATION SINDHU

ઓપરેશન સિંધુ હેઠળ ઈરાનમાંથી વધુ 272 ભારતીય નાગરિકોને સલામત સ્વદેશ લાવવામાં આવ્યા છે. આજે વહેલી સવારે મશહદથી નવી દિલ્હી પહોંચેલા વિશેષ વિમાનમાં ત્રણ નેપાળી નાગરિકો પણ હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે ઓપરેશન સિંધુ હેઠળ અત્યાર સુધીમાં કુલ 3 હજાર 426 ભારતીય નાગરિકોને ઈરાનથી ભારત પરત લાવવામાં આવ્યા છે.

સ્વદેશ પરત ફરેલા ભારતીય નાગરીકોએ ભારત સરકારનો આભાર માનતા આ મુજબ જણાવ્યું...

(બાઈટ – ભારતીય નાગરીક, ઓપરેશન સિંધુ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UTTARAKHAND- ACCIDENT

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં આવેલા ઘોલતીરમાં આજે સવારે એક ટેમ્પો ટ્રાવેલર અલકનંદા નદીમાં ખાબકતાં  ત્રણ લોકોના મોત થયા. આ દુર્ઘટનામાં નવ લોકો હજુ પણ ગુમ છે, અને તેમને શોધવા મોટા પાયે બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. ગંભીર રીતે ઇજાગ્રસ્ત ત્રણ મુસાફરોને સારવાર માટે એરલિફ્ટ કરીને ઉચ્ચ તબીબી કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા છે. ઉત્તરાખંડ આપત્તિ વ્યવસ્થાપન સચિવ વિનોદ

કુમાર સુમનએ પુષ્ટિ આપી છે કે બચાવ મિશન ચાલુ છે અને અત્યાર સુધીમાં આઠ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

(બાઇટ- વિનોદ કુમાર સુમન)

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ (SDRF), અન્ય બચાવ ટીમો સાથે, રાહત અને બચાવ પ્રયાસો હાથ ધરવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## CHHATTISGARH- MAOISTS ENCOUNTER

છત્તીસગઢમાં સલામતી દળો સાથેની અથડામણમાં બે મહિલા માઓવાદીનાં મૃત્યુ થયા છે. નારાયપણુર જિલ્લાના અબોજમાદ વિસ્તારના જંગલોમાં અથડામણ થઈ હતી. આ વિસ્તારમાં માઓવાદીઓની હાજરી હોવાની માહિતીને પગલે જિલ્લા અનામત રક્ષક અને વિશેષ કાર્યદળની સંયુક્ત ટુકડીને અભિયાન માટે મોકલવામાં આવી હતી.

ગઈ સાંજથી સલામતી દળો અને નક્સલવાદીઓ વચ્ચે અવિરત ગોળીબાર ચાલી રહ્યો છે. સલામતી દળોને ઘટના સ્થળેથી બે મહિલા નક્સલવાદીઓનાં મૃતદેહની સાથે બે રાઇફલ મળી આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DAY . AXIOM-4

ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર પહોંચનારા પ્રથમ ભારતીય બનીને ઇતિહાસ રચવા માટે આગળ વધી રહ્યા છે. ગ્રુપ કેપ્ટન શુક્લા અને અન્ય ત્રણ ક્રૂ સભ્યોને લઈને Axiom-4 મિશન આજે સાંજે 4.30 વાગ્યે ISS સાથે જોડાશે. ડ્રેગન Ax-4 કમાન્ડર પેગી વ્હિટસન, પાયલોટ શુભાંશુ શુક્લા અને મિશન સ્પેશિયાલિસ્ટ્સ સ્લાવોઝ ઉઝ્નાન્સ્કી-વિસ્નીવસ્કી અને ટિબોર કાપુને લઈ જઇ રહ્યું છે.. 41 વર્ષ પછી, ભારત હવે અવકાશમાં

અવકાશયાત્રી હશે. લખનૌમાં જન્મેલા શુક્લા 1984માં રાકેશ શર્માની ઉડાન પછી અવકાશમાં બીજા ભારતીય છે.

દરમિયાન, શુક્લાએ અવકાશમાંથી લાઇવ સંદેશ મોકલીને કહ્યું છે કે તેઓ તેમના સાથી અવકાશયાત્રીઓ સાથે રહીને રોમાંચિત છે.

(BYTE- ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## Amarnath Yatra

આ વર્ષે અમરનાથ યાત્રામાં યાત્રાળુઓની સલામતી માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે પંજાબ પોલીસે બહુસ્તરીય અને વ્યાપક સુરક્ષા યોજના અમલમાં મૂકી છે. પવિત્ર અમરનાથ યાત્રા 3 જુલાઈથી શરૂ થશે અને 9 ઓગસ્ટ સુધી ચાલશે.

યાત્રાના માર્ગો પર ચોવીસ કલાક દેખરેખ રાખવા માટે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. વાહનો અને ભક્તોની સુવિધા માટે યાત્રાના માર્ગો પર ચોવીસ કલાક દેખરેખ રાખવા માટે આદેશ અને નિયંત્રણ કેન્દ્ર પણ સ્થાપવામાં આવ્યું છે.

પંજાબ પોલીસના ડાયરેક્ટર જનરલ, અર્પિત શુક્લાએ ગઈકાલે પઠાણકોટમાં પોલીસ, સેના અને વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ZELENSKY- TRUMP MEET

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાત દરમિયાન રશિયા-યુક્રેન સંઘર્ષમાં યુધ્ધવિરામની દિશામાં પગલાંની ચર્ચા કરી હતી.

નેધર્લેન્ડ્સના હેગ ખાતે નાટો શિખર સંમેલનથી અલગ આ બેઠક યોજાઈ હતી. સોશિયલ મિડિયા સંદેશમાં શ્રી ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, તેમણે યુધ્ધ વિરામ કઈ રીતે કરવો અને વાસ્તવિક શાંતિ હાંસલ કરવી તે મુદ્દે ચર્ચા કરી હતી. તેમણે ઉમેર્યું કે, શાંતિની સ્થાપના કરવામાં અમેરિકાનાં રસ અને ધ્યાનની યુક્રેન પ્રશંસા કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHREELANKAN FISHER

ભારતીય **બંગાળના અખાતમાં સેરુથુર નજીક માછીમારી કરી રહેલા નવ ભારતીય માછીમારો પર શ્રીલંકાના ચાંચિયાઓએ જીવલેણ હૂમલો કર્યો હતો. નાગપટ્ટીનમના આ માછીમારોને માર મારીને તેમની જાળ તોડી નાખવામાં આવી હતી. તેમનાં જીપીએસ સાધન પણ આંચકી લેવામાં આવ્યા હતા.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD – WEATHER

હવામાન વિભાગે આગામી 7 દિવસ દરમિયાન દેશના ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. ગુજરાત અને ઓડિશામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના કર્ણાટક, પૂર્વ રાજસ્થાન, ઝારખંડ, કેરળ, માહે, મધ્ય મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઓડિશા, પંજાબ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી પણ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .